Community Resilience to Foreign Interference

# સામુદાયિક સંસ્થાઓને પ્રભાવિત કરતાં વિદેશી હસ્તક્ષેપના ઉદાહરણો

સામુદાયિક સંસ્થાઓ સમુદાયોને ટેકો આપવામાં અને તેમનું ઘડતર કરવામાં, નિર્ણય લેવાની પ્રક્રિયાને પ્રભાવિત કરવામાં તથા વિવિધ જૂથોને જોડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

સામુદાયિક સંસ્થાઓના વ્યાપક નેટવર્ક અને વિશ્વાસપાત્ર સંબંધો તેમને સમુદાયનું નેતૃત્વ અને જોડાણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર બનાવે છે.

**ગુપ્ત, બળજબરીપૂર્વકના, ભ્રામક અથવા ભ્રષ્ટ કૃત્યો** દ્વારા સામુદાયિક સંસ્થાને નિશાન બનાવીને કરવામાં આવતો વિદેશી હસ્તક્ષેપ, તે સંસ્થાની સ્વતંત્રતાને નબળી પાડી શકે છે તેમજ સમુદાયના વિશ્વાસ અને સામાજિક એકતાને નષ્ટ કરી શકે છે.

સંસ્થા અને વ્યાપક સમુદાય બંનેની સુરક્ષા, સલામતી તેમજ અભિવ્યક્તિ અને સંગઠિત થવાની સ્વતંત્રતાને પણ તે જોખમમાં મૂકી શકે છે.

વિદેશી હસ્તક્ષેપમાં સામેલ અન્ય દેશો ન્યૂ ઝીલેન્ડમાં સામુદાયિક સંસ્થાઓને કેવી રીતે નિશાન બનાવી શકે છે અને તેનાથી તમે કેવી રીતે સુરક્ષિત રહી શકો છો, તે વિશે **વધુ જાણો**.

## સામુદાયિક સંસ્થાઓને પ્રભાવિત કરતાં વિદેશી હસ્તક્ષેપના ઉદાહરણો

વિદેશી હસ્તક્ષેપ સામુદાયિક સંસ્થાઓને કેવી રીતે પ્રભાવિત કરી શકે છે, તેના ત્રણ ઉદાહરણો અહીં નીચે આપવામાં આવેલા છે. આ ઉદાહરણોમાં 'અન્ય દેશ' (ફોરેન સ્ટેટ) એટલે કે ન્યૂ ઝીલેન્ડ સિવાયનો અન્ય કોઈપણ દેશ.

આ ઉદાહરણો મલ્ટિકલ્ચરલ ન્યૂ ઝીલેન્ડ - ધી ન્યૂ ઝીલેન્ડ ફેડરેશન ઑફ મલ્ટિકલ્ચરલ કાઉન્સિલ્સ દ્વારા મિનિસ્ટ્રી ફોર એથનિક કમ્યુનિટીઝ સાથે શૅર કરવામાં આવેલી ઊંડી જાણકારી પર આધારિત છે. અમે આ સંસાધન અને 'સેફગાર્ડિંગ યોર કમ્યુનિટી ઓર્ગેનાઈઝેશન અગેન્સ્ટ ફોરેન ઇન્ટરફિયરન્સ' સંસાધનમાં તેમના મૂલ્યવાન યોગદાન બદલ તેમનો આભાર માનીએ છીએ.

અહીં નીચે આપેલા ઉદાહરણો કાલ્પનિક પરિદ્રશ્યો છે, જેમાં એવી પ્રવૃત્તિઓ દર્શાવવામાં આવી છે કે જેને ક્રાઇમ્સ એક્ટ, 1961 હેઠળ સંભવિતપણે વિદેશી હસ્તક્ષેપ ગણી શકાય.

**આ એક સામાન્ય માહિતી છે. તે ફક્ત તમારી સમજણ માટે છે અને તે કોઈ કાયદાકીય સલાહ નથી. ચોક્કસ કાયદાકીય સલાહ માટે પાત્ર કાયદાકીય વ્યાવસાયિક સાથે વાત કરો.**

# ઉદાહરણ 1: અન્ય દેશ વતી કાર્ય કરતા નવા ચૂંટાયેલા બૉર્ડના સભ્યો

## શું બન્યું હતું

એક સામુદાયિક સંસ્થા દર બે વર્ષે બૉર્ડની ચૂંટણી યોજે છે. પ્રચાર કરીને અને સમુદાય સાથે જોડાઈને બે નવા સભ્યો ચૂંટાયા હતા.

ચૂંટણી પછી આ બંને સભ્યોએ પોતાના મૂળ દેશની સરકાર વતી પ્રોક્સી તરીકે કામ કર્યું. તેમણે અન્ય દેશની સરકારના નિર્દેશ હેઠળ કામ કર્યું અને આ જોડાણને ઇરાદાપૂર્વક સંસ્થાથી છુપાવવામાં આવ્યું હતું.

આ બંને સભ્યોએ અન્ય દેશના હિતો સાથે વિરોધાભાસ ધરાવતા હોય તેવા સમુદાયના કેટલાક મુદ્દાઓને ઇરાદાપૂર્વક દબાવવાનો પ્રયાસ કર્યો. તેમણે તેમના કાર્યોને સામાન્ય સંસ્થાગત નિર્ણય પ્રક્રિયા તરીકે રજૂ કર્યા પરંતુ તેઓ કપટપૂર્વક અન્ય દેશની સરકારના હિતોને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. તેમણે અસંમત હોય તેવા બૉર્ડના અન્ય સભ્યો પર દબાણ પણ લાવ્યું અને અન્ય દેશના હિતોને અનુરૂપ હોય તેવા વિચારોને પ્રોત્સાહન આપ્યું.

જ્યારે બૉર્ડના અન્ય સભ્યોએ જણાવ્યું કે, તેઓ સમુદાયના લોકોના વિચારો રજૂ કરી રહ્યાં છે, ત્યારે આ બંને સભ્યોએ તેમને પડકાર્યા અને પૂછ્યું કે, ‘આ લોકો કોણ છે?’ તેમજ તે સમુદાયના સભ્યોની ખાનગી વ્યક્તિગત માહિતીની માંગણી કરી. આ નવા સભ્યો અન્ય દેશ વતી પ્રોક્સી તરીકે કામ કરી રહ્યાં હોવાની શંકા હોવાથી બૉર્ડના અન્ય સભ્યોએ આ માહિતી આપી નહીં.

બૉર્ડની બેઠકોમાં વિવાદિત મુદ્દાઓની ચર્ચા થયા પછી સોશિયલ મીડિયા પર બૉર્ડના અન્ય સભ્યોને અજ્ઞાત ધમકીઓ મળતાં સંસ્થાને શંકા ગઈ કે, આ નવા સભ્યો અન્ય દેશને રિપોર્ટિંગ કરી રહ્યાં હતાં. આ બેઠકો જનતા કે સમુદાયના સભ્યોની વચ્ચે જાહેરમાં થઈ નહોતી અને ચર્ચા કરાયેલી માહિતી સાર્વજનિક રીતે ઉપલબ્ધ કરાવવામાં આવી ન હતી.

## કઈ બાબત તેને વિદેશી હસ્તક્ષેપ બનાવે છે?

એક અન્ય દેશે સંસ્થાના આંતરિક નિર્ણયોમાં ગુપ્ત રીતે હસ્તક્ષેપ કરવા અને તે દેશના હિતો સાથે વિરોધાભાસ ધરાવતા હોય તેવા મંતવ્યોને દબાવવા માટે પ્રોક્સીઓનો ઉપયોગ કર્યો.

મંતવ્યોને દબાવવાના ઇરાદાપૂર્વકના પ્રયાસો સમુદાયની અભિવ્યક્તિની સ્વતંત્રતાને છીનવે છે.

વ્યક્તિગત માહિતીની માંગણીઓ સમુદાયના સભ્યોની સુરક્ષાને પણ અસર કરી શકે છે.

'*પ્રોક્સી અથવા પ્રોક્સીઓ*' એ એવી વ્યક્તિ કે જૂથ છે, જે મોટે ભાગે ન્યૂઝીલેન્ડમાં સ્થાયી હોય છે, જે કોઈ અન્ય દેશ વતી સુરક્ષા માટે ચિંતાજનક હોય એવી પ્રવૃત્તિઓ હાથ ધરવા કામ કરે છે.

# ઉદાહરણ 2: સમુદાયના કોઈ કાર્યક્રમમાં કોણ ભાગ લઈ શકે છે, તેને નિયંત્રિત કરવાના પ્રયાસો

### શું બન્યું હતું

એક સામાજિક સંસ્થા ન્યૂ ઝીલેન્ડમાં તેના વારસા, ઓળખ અને સમુદાયના ઇતિહાસની ઉજવણી કરવા માટે તેના વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન કરી રહી હતી.

અન્ય દેશની સરકારનું પ્રતિનિધિત્વ કરવા માટે વ્યાપકપણે જાણીતી એક વ્યક્તિએ સમુદાયના જે વ્યક્તિઓના મંતવ્યો ‘આવા દેશના હિતોની વિરુદ્ધ’ હોવાનું માનવામાં આવતું હતું, તેવા સભ્યોને બાકાત રાખવા માટે કાર્યક્રમના આયોજકો પર દબાણ કર્યું.

આ વ્યક્તિએ ચેતવણી આપી કે, જો આયોજકો આ વાત નહીં માને, તો તેઓ સંસ્થાની જાહેરમાં ટીકા કરવા, નકારાત્મક સંદેશાઓ ફેલાવવા અને સમુદાયની અંદર સંસ્થાની પ્રતિષ્ઠા અને વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડવા માટે સમુદાયના પ્રભાવશાળી અગ્રણીઓનો સંપર્ક કરશે.

આ અન્ય દેશ જાણતો હતો કે, તેનાથી ન્યૂ ઝીલેન્ડની સરકારી એજન્સીઓ અને ભંડોળ પૂરું પાડતી અન્ય સંસ્થાઓ પાસેથી સામુદાયિક ભંડોળ મેળવવાની સંસ્થાની ક્ષમતા પર નકારાત્મક અસર પડશે.

આ સંસ્થાને સમજાઇ ગયું કે, આ ધમકીઓનો ઉપયોગ તેઓને તેમના સમાવેશી મૂલ્યોની વિરુદ્ધ કામ કરવા માટે મજબૂર કરવા અને તેમની નિર્ણય લેવાની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવા માટે કરવામાં આવી રહ્યો હતો. આ સંસ્થાએ લોકોને બાકાત રાખવાનો ઇનકાર કર્યો પરંતુ તેઓ તેમની પ્રતિષ્ઠાને થનારા સંભવિત નુકસાન અંગે ચિંતિત હતા.

### કઇ બાબત તેને વિદેશી હસ્તક્ષેપ બનાવે છે?

અન્ય દેશ બળજબરીપૂર્વક અને પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવાની ધમકીઓનો ઉપયોગ કરીને સામુદાયિક સહભાગીદારીને નિયંત્રિત કરવા માંગતો હતો, જેથી સંસ્થાના સમાવેશી મૂલ્યો પ્રત્યે વિરોધાભાસી હોય તેવા નિર્ણયો લેવા માટે તેમને મજબૂર કરી શકાય.

આ અન્ય દેશે પોતાના લક્ષ્યો હાંસલ કરવા માટે એક સામાજિક સંસ્થામાં હસ્તક્ષેપ કર્યો અને તેમની બદલો લેવાની કાર્યવાહીની ધમકીએ આ સંસ્થાને ન્યૂ ઝીલેન્ડના સમાજમાં સંપૂર્ણપણે સહભાગી થતાં અટકાવી.

# ઉદાહરણ 3: સમુદાયના સભ્યોની વ્યક્તિગત માહિતી મેળવવા માટે ફન્ડિંગ અને ભેટ-સોગાદોનો ઉપયોગ કરવો

### શું બન્યું હતું

એક નવી સામાજિક સંસ્થા પોતાના સમુદાયની અંદર પોતાની ઓળખ અને પ્રભાવ વધારી રહી હતી.

તેમને તેમના મૂળ દેશની એમ્બેસી (દૂતાવાસ)માં મુલાકાત માટે આમંત્રિત કરવામાં આવ્યાં હતા અને તેમણે આ આમંત્રણ સ્વીકાર્યું હતું. તેઓ ખુશ હતા કે તેમના કામની પ્રશંસા થઇ રહી છે અને તેમણે વિચાર્યું કે, એમ્બેસી (દૂતાવાસ) સાથે હકારાત્મક સંબંધ સ્થાપવાની આ એક મૂલ્યવાન તક હતી.

બેઠકમાં તેમને સંસ્થા માટે સતત આર્થિક સહાય અને વ્યક્તિગત સભ્યો માટે ભેટ-સોગાદો પૂરી પાડવામાં આવી. તેમને એલચી કચેરી (દૂતાવાસ) દ્વારા સંસ્થાની પ્રવૃત્તિઓ માટે જાહેર સમર્થન આપવાની પણ રજૂઆત કરવામાં આવી. આ સામાજિક સંસ્થાએ એલચી કચેરી (દૂતાવાસ) દ્વારા તેમના કાર્યની જે કદર કરવામાં આવી અને પ્રોત્સાહન આપવામાં આવ્યું, તેની પ્રશંસા કરી. સમય જતાં, આ સંસ્થાની કેટલીક પ્રવૃત્તિઓ આ આર્થિક સહાય પર નિર્ભર બની ગઇ.

6 મહિના પછી એલચી કચેરીએ (દૂતાવાસ) આ સંસ્થા જે સમુદાયના સભ્યો સાથે કામ કરતી હતી, તેમની ખાનગી વ્યક્તિગત માહિતી માંગી અને જણાવ્યું કે, જે સહાય પૂરી પાડવામાં આવી છે, તેના બદલામાં સંસ્થા તેમની 'ઋણી' છે.

આ સંસ્થાને વ્યક્તિગત માહિતી પૂરી પાડવા માટે મજબૂર કરવામાં આવી અને ડરાવવામાં આવી પરંતુ તેમણે તેમ કરવાનો ઇનકાર કર્યો. એલચી કચેરી (દૂતાવાસ) તરફથી મળતું સમર્થન બંધ થઇ ગયું, જેના કારણે સંસ્થાની કેટલીક પ્રવૃત્તિઓ પર અસર પડી.

### કઇ બાબત તેને વિદેશી હસ્તક્ષેપ બનાવે છે?

એક અન્ય દેશે સંસ્થા પર પ્રભુત્વ મેળવવાના ઇરાદાથી ઇરાદાપૂર્વક ભેટ-સોગાદો આપી અને ભંડોળનો ઉપયોગ કર્યો અને ત્યારબાદ સમુદાયના સભ્યો અંગેની સંવેદનશીલ વ્યક્તિગત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો.

આ અન્ય કોઇ દેશના પોતાના હેતુઓ માટે માહિતી એકઠી કરવાનો અને સંસ્થાગત નિર્ણયોમાં હસ્તક્ષેપ કરવાનો એક બળજબરીપૂર્વકનો પ્રયાસ હતો.